# રોબોટની ઓલિમ્પિકમાં વેઇટલિફ્ટર રોબોટ ફસડાઇ પડ્યો





**સ્ટ્રેચર** પર સૂવડાવીને લઇ જવાયો!

બૈજિંગ, તા. ૨૫: આ ચીનની સાયબોર્ગ ઓલિમ્પિક્સમાં એક રમૂજી ઘટના સર્જાઇ હતી જ્યારે ભારોત્તોલનની સ્પર્ધામાં ભાગ લઇ રહેલ એક રોબોટ નિર્ણાયકના ટેબલ પર પછડાયો હતો, અને ત્યારબાદ તેને તાત્કાલિક સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યો હતો.

આ કાળો અને સફેદ રોબોટ સોમવારે બેઇજિંગમાં યોજાયેલી 'વર્લ્ડ હ્યુમનોઇડ રોબોટ ગેમ્સ'(WHRG)માં જોવા મળ્યો હતો; જો કે, તે મેડલ જીતી શક્યો ન હતો. આ ઇવેન્ટની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહેલા ઘણા મશીનોમાંથી આ એક રોબોટ હતો - જે વજન ઊંચકવાનો પ્રયાસ કરતી વખતે લથડાઈને આખરે જજના ટેબલ પર ઊંધા માથે ખાબકતો કેમેરામાં કેદ થયો હતો.

આ ઇવેન્ટના ફૂટેજમાં જોવામાં આવે છે કે હ્યુમનોઇડ રોબોટ - જે શરૂઆતમાં એકદમ તૈયાર દેખાતો હતો - તે પોતાના બંને હાથ વડે વજનને માથા પર ઊંચકવાનો પ્રયાસ કરતી વખતે ધ્રૂજવા લાગ્યો હતો. જેવો જ આ રોબોટ વજનને પોતાના માથા ઉપર લઈ ગયો, તે ધ્રૂજવા લાગ્યો અને આખરે તેણે વજન નીચે જમીન પર ફેંકી દીધું. ત્યારબાદ તેના સ્પેરપાર્ટ્સમાં ખામી સર્જાવા લાગી, જેના કારણે તે જજના ટેબલ તરફ લથડાયો અને આખરે પછડાઈ પડ્યો હતો. થોડી જ ક્ષણોમાં, લાલ કલરના જેકેટ પહેરેલા કર્મચારીઓ તાત્કાલિક રોબોટ પાસે પહોંચ્યા હતા અને રોબોટને સ્ટ્રેચર પર સૂવાડીને લઇ ગયા હતા.

## કંગના અને કૃતિ સેનન આમને સામને



મુંબઈ, તા. 25 (પીટીઆઈ): રક્ષાબંધનના એક જ્વેલરી એડમાં પહેરેલા પોતાના આઉટફિટને લઈને વિવાદમાં આવેલી કૃતિ સેનનની અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતે આકરી ટીકા કરી હતી ત્યાર બાદ કૃતિએ પણ વળતો જવાબ આપતા વિવાદ વધુ વકર્યો છે.
ઉલ્લેખનીય છે કે 36 સેકન્ડની આ એડમાં 'કોકટેલ 2'ની અભિનેત્રી બ્રાલેટ-સ્કર્ટ સાથે કેપ પહેરેલા ઈન્ડો-વેસ્ટર્ન લુકમાં જોવા મળે છે. તે પોતાના ભાઈ અને પાળતુ શ્વાનને રાખડી બાંધતી જોવા મળે છે. એડ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર પહેરવેશ, ભારતીય સંસ્કૃતિ, મહિલાની પોતાની પસંદગી અને રક્ષાબંધનના સ્વરૂપને લઈને ચર્ચા શરૂ થઈ હતી.
કંગના રનૌતે કૃતિના આઉટફિટને પરંપરાગત તહેવાર માટે યોગ્ય ન ગણાવતા તેની ટીકા કરી હતી. તેણે સવાલ કર્યો હતો કે આજે મહિલાઓ પાસે કોકટેલ ડ્રેસ, લહેંગા ચોલી, જીન્સ, સાડી, બિકની, સલવાર કમીજ જેવા વિવિધ પ્રકારનાં કપડાંની પસંદગી હોવા છતાં તમે તમારા ભાઈને બિકિની કે અન્ડરગાર્મેન્ટ્સ જેવા કપડાં પહેરીને રાખડી શા માટે બાંધશો? તમારી પાસે સ્ટાઇલિંગના બીજા ઘણા વિકલ્પો છે. હા હા, આ એડ જાણીજોઈને વિચિત્ર બનાવવામાં આવી હોય એવું લાગે છે. કૃતિ બ્રા જેવા કપડાંમાં રાખડી બાંધી રહી છે. રચનાત્મકતાની સ્વતંત્રતા સારી બાબત છે પણ તેનાથી પરંપરાનો મૂળ ભાવ ખરાબ થવો ન જોઈએ, એમ એક યુઝરે લખ્યું હતું. અન્ય કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે પણ કૃતિના પહેરવેશને 'વલ્ગર' ગણાવી ટીકા કરી હતી. ઘણા દિવસથી ચુપ બેસેલી કૃતિએ આખરે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જવાબ આપ્યો હતો. તેણે કહ્યું કે સંસ્કૃતિ અને પરંપરા મહિલાના કપડાંમાં નહીં, પરંતુ તેના હૃદયમાં હોય છે અને મહિલાઓને શું પહેરવું તે કહેવાનું ક્યારે બંધ થશે તેવો સવાલ કર્યો હતો. તેણે જણાવ્યું કે તહેવારનો અર્થ કપડાંમાં નહીં, પરંતુ પરંપરા પ્રત્યેની લાગણી અને ભાવનામાં રહેલો છે. કૃતિએ રક્ષાબંધનને રક્ષણના બંધન તરીકે ગણાવી કહ્યું કે તે અને તેની બહેન એકબીજાને રાખડી બાંધે છે અને તેમના શ્વાન પણ પરિવારનો ભાગ હોવાથી તેમને પણ રાખડી બાંધે છે. શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે પણ કૃતિનો બચાવ કર્યો હતો.

## પત્ની દીપિકા અને પુત્રી દુઆને લઈને વેકેશન પર નીકળી ગયો રણવીર સિંહ!



મુંબઈ, તા. 25. બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ પોતાના બીજા બાળકની માતા બનવાની છે અને આ દરમિયાન રણવીર સિંહ ક્ષણેક્ષણ તેમની સંભાળ રાખતો જોવા મળી રહ્યો છે. હવે રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની કેટલીક તસવીરો સામે આવી છે જે ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. તસવીરોમાં રણવીર સિંહના ખભા પર પુત્રી દુઆ જોવા મળી રહી છે તો બીજી તરફ તેમણે દીપિકા પાદુકોણનો હાથ પોતાના હાથમાં પકડી રાખ્યો છે. આ દરમિયાન દીપિકા પાદુકોણનો મોટો બેબી બમ્પ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે જેના પર હસીનાએ હાથ રાખેલો છે. રણવીર અને દીપિકાની આ તસવીરો સામે આવતાં જ તેમના ફેન્સ વચ્ચે જોરદાર માહોલ બની ગયો છે.

## સલમાન ખાને બોડી ડબલ પરવેઝ કાઝીની સર્જરીનો ખર્ચ ઉપાડ્યો



મુંબઈ, તા. 25. સલમાન ખાને પોતાના બોડી ડબલ પરવેઝ કાઝીની હાર્ટ સર્જરી બાદ તેમની સારવારનો પૂરો ખર્ચ ઉપાડ્યો હતો. સલમાન ખાનના લાંબા સમયથી બોડી ડબલ રહેલા પરવેઝ કાઝીને તાજેતરમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તે 'નયનતારા' અને નિર્દેશક વામશી પેડિપલ્લીની આવનારી ફિલ્મના શૂટિંગ દરમિયાન અચાનક બીમાર પડી ગયો હતો. આ પછી અહેવાલો આવ્યા હતા કે તેમને હાર્ટ એટેક આવ્યો છે. જોકે, તેમના મેનેજર પીયૂષે આ અહેવાલોને ખોટા ગણાવ્યા છે. પીયૂષે જણાવ્યું કે, ''પરવેઝ કાઝીને હાર્ટ એટેક નહોતો આવ્યો. તેમની હૃદયની મામૂલી સર્જરી થઈ છે.'' પીયૂષે એમ પણ જણાવ્યું કે આ મુશ્કેલ સમયમાં સલમાન ખાને પરવેઝની ખૂબ મદદ કરી. તેમણે ખુદ તેમની તબિયતનું ધ્યાન રાખ્યું અને હોસ્પિટલમાં પણ તેમની સાથે હાજર રહ્યા હતા.

# પાલતુ પ્રાણીઓ માટે એરકન્ડિશનિંગ જેકેટ!



ટોકિયો, તા. ૨૫: આ ઉનાળા પછી બ્રિટિશરો ખૂબ સારી રીતે સમજી ગયા છે કે ગરમ હવામાનમાં ઠંડક મેળવવી કેટલી મુશ્કેલ હોઈ શકે છે.

પંખાવાળા નેક બ્રેસ અને મિસ્ટિંગ મશીનો જેવા વિવિધ ગેજેટ્સ યુકેના શહેરોની શેરીઓમાં જોવા મળ્યા હતા. પરંતુ ઠંડક મેળવવાની આ અનોખી શોધઓળોમાં માત્ર બ્રિટિશરો જ નથી કે જેઓ નવા નવા પ્રયોગો કરી રહ્યા છે. જાપાનની મહિલાઓના વસ્ત્રોની કંપનીએ હવે પાલતુ પ્રાણીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. Sweet Mommy કંપનીએ એક નવું એર-કોન્ડિશનીંગ જેકેટ વિકસાવ્યું છે જે બિલાડીઓ અને કૂતરાઓને પહેરાવવામાં આવે છે જેથી તેમના શરીરનું તાપમાન નિયંત્રિત કરી શકાય! આ સફેદ કપડામાં પ્રાણીના શરીરની બંને બાજુ બે પંખા લગાવવામાં આવ્યા છે, આગળના બે પગ માટે બે કાણાં આપવામાં આવ્યા છે, અને તે અલગ-અલગ સાઈઝમાં ઉપલબ્ધ છે. આ જેકેટ વિવિધ કદના પાલતુ પ્રાણીઓને ફિટ થઈ શકે તે માટે ત્રણ અલગ-અલગ સાઈઝમાં આવે છે. જેકેટમાં આગળના પગ માટે બે કાણાં છે અને શરીરની બંને બાજુ એક-એક પંખો છે. આ એર-કોન જેકેટનું અગાઉનું મોડેલ ઓનલાઇન 60 પાઉન્ડમાં વેચાય છે. આ વેરેબલ ફેનનું વજન માત્ર 80 ગ્રામ જેટલું જ છે!'

# ઈરાન સાથે વેપાર બદલ અમેરિકાએ ભારતની 4 કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા

**અબજો** રૂપિયાના પેટ્રોલિયમ ઉત્પાદનો આયાત કરવા બદલ ભારતીય કંપનીઓને બ્લેકલિસ્ટ કરી

**ઈરાનના** આર્થિક સ્ત્રોતો ઠપ્પ કરવા અમેરિકા આક્રમક, તેહરાન સાથે સંબંધો કાપી નાખવા અન્ય દેશોને પણ ચેતવણી

વોશિંગ્ટન, તા. 25 (પીટીઆઈ): ઈરાનમાંથી પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ્સ ઉત્પાદનોની આયાત કરવા બદલ અમેરિકાએ ભારત સ્થિત ચાર કંપનીઓ પર આકરા પ્રતિબંધો મૂક્યા છે, જેની માહિતી અમેરિકી વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી એક પ્રેસ રિલીઝમાં આપવામાં આવી છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે સોમવારે 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ'ની જાહેરાત કરી હતી, જેનો મુખ્ય હેતુ ઈરાનની કમાણીના તમામ સંભવિત સ્ત્રોતોને બ્લોક કરવાનો છે. આ સાથે અમેરિકાએ તમામ દેશોને તેહરાન સાથેના આર્થિક સંબંધો કાપી નાખવા અથવા આકરા પરિણામો ભોગવવા ચેતવણી આપી છે.

કારવાઈનો સામનો કરી રહેલી ચાર ભારતીય કંપનીઓમાં કસ્ટમ્સ બ્રોકર એજન્સી 'પોર્ટઈઝ પાર્ટનર્સ LLP' અને તેના ભાગીદારો ઈદ્રીસિયા અશરફિયા શેખ તથા હરીશ રામચંદ્ર રંગી સામેલ છે, જેમણે ઈરાની પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાતમાં મદદ કરી હતી. અન્ય ત્રણ કંપનીઓમાં 'સદાશિવ ઓવરસીઝ લિમિટેડ' (જેણે આશરે 69 મિલિયન ડોલરના પેટ્રોલિયમ ઉત્પાદનો આયાત કર્યા), 'PP સોફ્ટટેક પ્રાઈવેટ લિમિટેડ' (તેના ડિરેક્ટર પ્રશાંત ગર્ગ સાથે) અને 'પ્રકૃતિઝ ઈન્ફ્રા ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડ'નો સમાવેશ થાય છે, આ બંનેએ 25-25 મિલિયન ડોલરના પેટ્રોલિયમ ઉત્પાદનો આયાત કર્યા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે, 'અમેરિકાએ આજે ઈરાની શાસનની અસ્થિરતા ફેલાવતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી અનેક સંસ્થાઓ, વ્યક્તિઓ અને જહાજો સામે આકરી કાર્યવાહી કરી છે.' તેમણે ઉમેર્યું હતું કે, 'આવી પ્રવૃત્તિઓમાં પ્રદેશમાં અમેરિકી દળો અને સહયોગીઓ પરના હુમલા, ગેરકાયદેસર હથિયારોની ખરીદી, અમેરિકન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર ઘૂસણખોરી અને ઉર્જા ઉત્પાદનોની એવી હેરાફેરીનો સમાવેશ થાય છે જેના વેચાણથી વૈશ્વિક આતંકવાદને ફંડિંગ મળે છે. ઈરાન સાથે જાણીજોઈને મોટો વ્યવસાય કે ખરીદ-વેચાણ કરવા બદલ આ કંપનીઓને બ્લેકલિસ્ટમાં મૂકવામાં આવી છે.

# મેક્સિકોમાં આખલા દોડ કાર્યક્રમમાં આખલાઓ ભડકતા બેનાં મોત

**ભડકેલા** આખલાઓએ લોકોને શીંગડે ચડાવવા માંડ્યા, અનેકને ઇજાઓ થઇ




હુઆમંતલા, તા. ૨૫: મેક્સિકોમાં આખલાઓની દોડના એક કાર્યક્રમમાં કેટલાક આખલાઓ ભડકતા અને તેમણે લોકોને શીંગડે ચડાવતા બે લોકોનાં મોત થયા છે અને અન્ય ૧૧ લોકો ઘાયલ થયા છે.

રાજધાની મેક્સિકો સિટીથી લગભગ ૧૦૦ માઇલ પૂર્વમાં આવેલા ત્લાક્સકાલા રાજ્યમાં શૂટ કરવામાં આવેલા ભયાનક ફૂટેજમાં 'હુઆમંતલાડા ફેસ્ટિવલ' દરમિયાન લોકોને મૃત્યુ પામતા અને ગંભીર રીતે ઘાયલ થતા જોઈ શકાય છે. આ ઉત્સવને વિશ્વનો સૌથી મોટો આખલા-દોડનો કાર્યક્રમ માનવામાં આવે છે. હુઆમંતલા શહેરમાં છેલ્લા ૭૨ વર્ષથી યોજાતા આ ઉત્સવમાં ૮ વર્ષ બાદ આ પ્રથમ મોતના કિસ્સા સામે આવ્યા છે. આ વર્ષના આયોજનના ભાગરૂપે ૨૧ લડાયક આખલાઓને ખુલ્લા છોડવામાં આવ્યા હતા. પરંતુ દોડ દરમ્યાન કેટલાક આખલાઓ ભડક્યા હતા અને લોકો તરફ દોડ્યા હતા. ભડકેલા પ્રાણીઓનો ભોગ બનેલા લોકોમાંથી બચેલી એક મહિલા પણ હતી, જેને શેરીઓમાં છોડવામાં આવેલા અડધા ટન વજન ધરાવતા આખલાએ હવામાં ઉછાળી દીધી હતી.

જ્યારે ઘણા લોકો આખલાને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે તે પ્રાણી મહિલાને આમ-તેમ ઉછાળી રહ્યું હતું. તેને થોડી રાહત મળતાં જ તે ડરના માર્યા ભાગી ગઈ હતી. તેના ચહેરા પરથી લોહી વહેતું જોઈ શકાતું હતું. બીજા લોકો તેના જેટલા નસીબદાર ન હતા. ૨૯ વર્ષીય જુઆન હેરેરાનું શનિવારે મૃત્યુ થયું હતું. અહેવાલો અનુસાર, તેમને મગજ અને છાતીમાં ગંભીર ઈજાઓ થઈ હતી. અને ગઈકાલે, હોસ્પિટલમાં બીજા એક વ્યક્તિનું મૃત્યુ થયાની પુષ્ટિ થયા બાદ મૃત્યુઆંક વધીને બે થયો હતો.

# ફ્રાન્સના એક ગામમાં વંટોળિયો ફૂંકાતા ૩૦૦ ઘરોને નુકસાન

**ત્રણ** ડઝનથી વધુ લોકોને ઇજા, દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સના આ ગામની વસ્તી માત્ર ૧૦૦૦ લોકોની છે



પેરિસ, તા. ૨૫: ફ્રાન્સના એક ગામમાંથી વંટોળિયો પસાર થતાં ડઝનબંધ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને સેંકડો ઘરોને નુકસાન પહોંચ્યું છે.

દેશના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા આ ગામમાં ટોર્નેડો ત્રાટકતા લગભગ 41 લોકો ઘાયલ થયા હતા. સત્તાવાળાઓએ દેશના દક્ષિણ-પશ્ચિમી ક્ષેત્રના મોટા ભાગના વિસ્તારોમાં વાવાઝોડા માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું હતું, અને અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી તથા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. સૌથી વધુ અસરગ્રસ્ત ગામ પોમાસ હતું, જ્યાં આશરે 300 ઘરોને નુકસાન થયું હતું. આ ગામની વસ્તી લગભગ 1,000 ની છે. ટોર્નેડોના કારણે કેટલાક ઘરોના છાપરાં ઊડી ગયા હતા. ઘાયલ થયેલા લોકોમાં એક સગર્ભા મહિલા પણ સામેલ હતી જેના ઘરનો એકભાગ તૂટી પડ્યો હતો. તેના પતિએ જણાવ્યું કે દીવાલ પડતાં તે નીચે દબાઈ ગઈ હતી, જે બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે સોફાના કારણે તેનો બચાવ થયો હતો. કેટલાક ઘરો તો કાટમાળમાં ફેરવાઇ ગયો હતો અને સંખ્યાબંધ કારોને પણ નુકસાન થયું હતું.

# કાશ્મીરના વંધામા હત્યાકાંડની 28 વર્ષ બાદ ફરી તપાસ શરૂ કરાઈ

**1998માં** 23 કાશ્મીરી પંડિતોની હત્યાથી કાશ્મીર હચમચી ગયું હતું

**મૃતકોમાં** એક વર્ષના બાળકને 18 ગોળીઓ વાગી હતી

**તપાસ** સંસ્થાએ જૂના વણઉકેલાયેલા આતંકી કેસો પણ ખોલ્યા

શ્રીનગર, તા. 25 (પીટીઆઈ): જમ્મુ-કાશ્મીર પોલીસે 1998માં ગાંદરબલ જિલ્લાના વંધામા ગામમાં થયેલા નરસંહારની તપાસ લગભગ 3 દાયકા બાદ ફરી શરૂ કરી છે. સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (SIA) એ 23 કાશ્મીરી પંડિતોની હત્યાના આ કેસમાં આરોપીઓને શોધવા તપાસ ફરી હાથ ધરી છે. મૃતકોમાં 9 મહિલાઓ અને 4 બાળકોનો સમાવેશ થતો હતો, જેમાં 2 નાના બાળકો હતાં.

25 જાન્યુઆરી, 1998ની રાત્રે પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ સેનાના યુનિફોર્મમાં આવેલા આતંકવાદીઓ વંધામા ગામમાં પહોંચ્યા હતા. તેમણે ચા પીવાના બહાને 1990ના દાયકાની શરૂઆતમાં કાશ્મીરી પંડિતોની મોટી હિજરત દરમિયાન કાશ્મીરમાંથી સ્થળાંતર ન કરનારા 4 પંડિત પરિવારોને એકત્ર કર્યા હતા. ત્યારબાદ ગામને ઘેરી લેવામાં આવ્યું હોવાનો વૉકી-ટૉકી પર સંદેશ મળતાં આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. થોડી જ મિનિટોમાં 23 લોકોની હત્યા કરવામાં આવી હતી.

મૃતકોમાં એક વર્ષના બાળકને 18 ગોળીઓ વાગી હતી. તેની માતાએ બાળકને બચાવવા તેને પોતાના ખોળામાં ઢાંકવાનો પ્રયાસ કર્યો હતો,

# તમામ કોમર્શિયલ પાઈલટ્સના ડ્રગ ટેસ્ટિંગની તૈયારીમાં સરકાર

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): નાગરિક ઉડ્ડયન મંત્રાલય તમામ કોમર્શિયલ પાઈલટ્સના વર્ષભર રેન્ડમ ધોરણે સાયકોએક્ટિવ પદાર્થોના ટેસ્ટ (નશાકારક પદાર્થોનો ટેસ્ટ) કરવાની શક્યતા પર વિચાર કરી રહ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ મંગળવારે જણાવ્યું હતું કે ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA) પાઈલટ્સના ડ્રગ ટેસ્ટિંગના ધોરણોને વધુ કડક બનાવવા માટે સંબંધિત હિતધારકો સાથે ચર્ચા કરી રહ્યું છે. નાયડુએ કહ્યું કે હાલના નિયમો મુજબ સમગ્ર પાઈલટ નેટવર્કના 10 ટકા પાઈલટ્સનું દર વર્ષે રેન્ડમ ડ્રગ ટેસ્ટિંગ કરવામાં આવે છે. જોકે, DGCA તમામ પાઈલટ્સનું આખા વર્ષ દરમિયાન કોઈપણ સમયે રેન્ડમ ટેસ્ટ કરવામાં આવે તેવી દરખાસ્ત પર વિચાર કરી રહ્યું છે. આ અંગે હિતધારકોનો પ્રતિભાવ મેળવવામાં આવશે.

ફુકેટ-દિલ્હી એર ઈન્ડિયાની ફ્લાઈટ અચાનક નીચે આવી જવાની ઘટવાની ઘટનાના કેપ્ટનનો મારિજુઆના ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ પાઈલટ્સ દ્વારા સાયકોએક્ટિવ પદાર્થોના સંભવિત ઉપયોગનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે.